અપીલ અરજી નં.૧૧૫ તા.૯–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૫–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) શકિતનગર, મામાભૈયાની ચાલ, તુલસીનગર, મહાલક્ષ્મી ઝૂપડપટ્ટી, પોંડાની ચાલ, મોરારજી વસાહત, અશોક સમ્રાટનગર, શનિદેવ નગર, રામદેવ નગર, વિકાસનગર, સપ્તશ્રૃંગી નગર, ગણેશનગર, લક્ષ્મીનગરની બાયોમેટ્રીક સર્વે મુજબ ઈડબલ્યુએસ આવાસ ફાળવેલ કે ડ્રો કરવામાં આવ્યા હોય તેના દફતર રેકર્ડની ચકાસણી જે તે આવાસ ફાળવવામાં આવ્યા છે તમામ અરજદારે રજૂ કરેલા તમામ પુરાવા (ફોકયુમેન્ટની) રેકર્ડ ચકાસણી વિ. મુદ્દા નં.૧ થી ૨ (૨૫) ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૯–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૧૫/૨૦૧૧–૧૨

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૫–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) શકિતનગર, મામાભૈયાની ચાલ, તુલસીનગર, મહાલક્ષ્મી ઝૂપડપટ્ટી, પોંડાની ચાલ, મોરારજી વસાહત, અશોક સમ્રાટનગર, શનિદેવ નગર,રામદેવ નગર, વિકાસનગર, સપ્તશ્રૃંગી નગર, ગણેશનગર, લક્ષ્મીનગરની બાયોમેટ્રીક સર્વે મુજબ ઈડબલ્યુએસ આવાસ ફાળવેલ કે ડ્રો કરવામાં આવ્યા હોય તેના દફતર રેકર્ડની ચકાસણી જે તે આવાસ ફાળવવામાં આવ્યા છે તમામ અરજદારે રજૂ કરેલા તમામ પુરાવા (ડોકયુમેન્ટની) રેકર્ડ ચકાસણી વિ. મુદ્દા નં.૧ થી ૨ (૨૫) ની માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૧૦૯ તા.૨૪–૫–૧૧ થી આપેલ માહિતિના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૬૯ તા.૧૬–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે જાહેર માહિતી અધિકારી તરફથી નિકાલના છેલ્લા દિને પાઠવેલ અને મળેલ પ્રત્યુત્તરની નકલ પાઠવેલ છે.

અરજદારની તા.૨૫–૪–૧૧ ની અરજીથી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૦૯ તા.૨૪–૫–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે મુદ્દા નં.૨.૧૧ થી ૨.૧૮ બાંધકામ મંજુર થયા તેની સ્પષ્ટતા નથી તેવું જણાવી તથા મુદ્દા નં.૨.૧ થી ૨.૫ નો સ્પષ્ટ જવાબ નથી તથા રેકર્ડ ચકાસણીનો સમય આપેલ નથી તેવું જણાવી તા.૯–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) શકિતનગર, મામાભૈયાની ચાલ, તુલસીનગર, મહાલક્ષ્મી ઝૂપડપટ્ટી, પોંડાની ચાલ, મોરારજી વસાહત, અશોક સમ્રાટનગર, શનિદેવ નગર,રામદેવ નગર, વિકાસનગર, સપ્તશ્રૃંગી નગર, ગણેશનગર, લક્ષ્મીનગરની બાયોમેટ્રીક સર્વે મુજબ ઈડબલ્યુએસ આવાસ ફાળવેલ કે ડ્રો કરવામાં આવ્યા હોય તેના દફતર રેકર્ડની ચકાસણી જે તે આવાસ ફાળવવામાં આવ્યા છે તમામ અરજદારે રજૂ કરેલા તમામ પુરાવા (ડોકયુમેન્ટની) રેકર્ડ ચકાસણી. તેવા પ્રશ્ન બાબતે મુદ્દા નં.૧ માં જણાવેલ રેકર્ડની ચકાસણી અંગે ઉધનાઝોનના કાર્યપાલક ઈજનેર પાસેથી અગાઉથી સમય મેળવી દફતરે રેકર્ડની ચકાસણી કરી શકશો એવું જણાવેલ છે. (૨) મુદ્દા નં.૨ માં નીચે જણાવેલ યાદી મુજબના બાંધકામો સામે સાઉથઝોનના શહેર વિકાસ ખાતાના કર્મચારી ધ્વારા સ્થળ તપાસ થઈ હોય તો વર્ક ડાયરીની રેકર્ડ ચકાસણી અને સ્થળ તપાસ ન થઈ હોય તો આ યાદી પૈકીના ગેરકાયદેસર બાંધકામો જે આ અકસ્માત સમયે ફાયર બ્રિગેડના વાહનોને પણ મુસીબત પડે છે.તેથી ફાયર સેફટીના નિયમો આ બાંધકામમાં લાગુ છે કે કેમ? તેનો સ્પષ્ટ જવાબ જણાવવા માંગણી કરેલ. મુદ્દા નં.૨.૧ જે આર ડાઈંગ ઉપર પાંડેસરા જીઆઈડીસી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨.૧ થી ૨.૫ માં જણાવેલ પ્રશ્ન વાળી મિલ્કતમાં બાંધકામ પ્લાનની વિકાસ પરવાનગી આપેલ ન હોવાનું ઉધનાઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં જણાય છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં સ્પષ્ટ જવાબ નથી અને રેકર્ડ ચકાસણીનો સમય આપેલ નથી. જેમાં જાહેર માહિતી અધિકારીએ મિલ્કતના બાંધકામ પ્લાન વિકાસ પવાનગી આપેલ ન હોવાનું સ્પષ્ટ જણાવેલ છે તથા રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે તેથી ચકાસણી સમય આપવાનો પ્રશ્ન રહેતો નથી અને અરજદારે આ મુદ્દા પરત્વે મુળ અરજીથી રેકર્ડ ચકાસણી માંગેલ પણ જણાતું નથી. તેથી અરજદારની અપીલ તબકકે આ પૂરક માંગણી છે. (૨) લુથરા સામે ૨૫૦/૪ પાંડેસરા, જીઆઈડીસી (૩) વીતરાગ મીલ સામે અને કનિષ્કા મીલ સામેપાંડેસરા જીઆઈ ડીસી સામે, (૪) કનિષ્કા મીલ સામે તુલસી સિન્થેટીકમાં જીઆઈડીસી પાંડેસરા (૫) ફાયર બ્રિગેડ સામે, રાણી સતીની બાજુમાં પાંડેસરા જીઆઈડીસી (૬) ગુરૂકૃપા ઈન્ડ.

ભેસ્તાન ૨૭૩ ની સામે ભેસ્તાન તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨.૬ થી ૨.૯ ટીપી સ્કીમ નં.૨૨ (ભેસ્તાન) માં આવેલ ગુરૂકૃપા ઈન્ડી. સોસા.ના બાંધકામના લેઆઉટ પ્લાનની મંજુરી ઉધનાઝોનના પત્ર નં.૨૨૭ તા.૨૨–૧૨–૦૪ થી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૭) પ્લોટ નં.૩૨૧,૩૨૨ અને ૩૨૩ ની સામે ગુરૂકુપા ઈન્ડ. (૮) પ્લોટ નં.૪૦૦,૪૦૧ અને ૪૦૨ સામે ગુરૂકૃપા ઈન્ડ. (૯) પ્લોટ નં.૪૧૩ ની સામે તૈયાર થવા આવેલું ગુરૂકૃપા ઈન્ડ. (૧૦) કેશવકૃપા ઈન્સ્પેકટ પ્રા. લી. પ્લોટ નં.૫,૬અને ૭ પ્રિન્ટર્સ ઈન્ડ. એસ્ટેટ, ભેસ્તાન.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી નં.૨૨ (ભેસ્તાન)માં આવેલ પ્રિન્સ ઈન્ડી. સોસા.ના પ્લોટ નં.૫,૬ અને ૭ માં બાંધકામ પ્લાનની વિકાસ પરવાનગી આપેલ ન હોવાનું ઉધનાઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં જણાયેલ છે તેવું જણાવેલ છે. (૧૧) પ્રમુખપાર્ક ઈન્ડ. એસ્ટેટ પ્લોટ નં.૯ થી ૧૨ ની બાજુમાં ૮ થી ૯ બાંધકામો તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨.૧૧ થી ૨.૧૮ ઉધનાઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ પ્રમુખપાર્ક ઈન્ડ. એસ્ટેટનો લે આઉટ પ્લાન મધ્યસ્થ શહેર વિકાસ ખાતા મારફત ટીડીઓ નં.૮૩ તા.૧૧–૭–૨૦૦૦ થી મંજુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે અરજદારે અપીલમાં બાંધકામમંજુર થયા તેની સ્પષ્ટતા નથી. તેમાં જણાવેલ છે કે બાંધકામના લે આઉટ પ્લાન મંજુર થયેલ છે (૧૨) પ્લોટ નં.એ ૧૦૧ થી ૧૦૨ ગ્રા+.૨ પ્રમુખ પાર્ક (૧૩) પ્લોટ નં.૩૨ ની બાજુમાં (૧૪) પ્લોટ નં.સી+૬૨ ની સામે ૭ દુકાન ઈન્ડ. બાંધકામ (૧૫) પ્લોટ નં.૯૦૪ ની ઉપર ૨ ગ્રા+.૨ ઈન્ડ. બાંધકામ (૧૬) પ્લોટ નં.ઈ–૧૧ ઉપરના માળે ઈન્ડ. બાંધકામ (૧૭) ઈ–૮ ગ્રા+.૨ ઈન્ડ. બાંધકામ (૧૮) પ્લોટ નં.૯૫૦ નુંબ ંધકામ (૧૯) યુનીટી એસ્ટેટ નપ્લોટ નં.૧૩૦ ની સામેર ગ્રા+.૨ બે દુકાન + ઈન્ડ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોજે ભેસ્તાનમાં આવેલ યુનીટી ઈન્ડ. એસ્ટેટના બાંધકમના લે આઉટ પ્લાનની મંજુરી ઉધનાઝોનના પત્ર નં.૨૫૨ તા.૭–૩–૦૫ થી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. (૨૦) યુનીટી એસ્ટેટ પ્લોટ નં.૫૪૬ ૫૪૭ માં ૨ ગ્રા+.૨ બાંધકામ (૨૧) પ્લોટ નં.૫૫૯ યુનીટી ઈન્ડ. એસ્ટેટમાં બાંધકામ , (૨૨) પ્લોટ નં.૩૫૩ યુનીટી ઈન્ડ. એસ્ટેટમાં બાંધકામ (૨૩) પ્લોટ નં.૩૬૦ યુનીટી ઈન્ડ. એસ્ટેટમાં બાંધકામ (૨૪) પ્લોટ નં.૩૭૧ માં યુનીટી ઈન્ડ. એસ્ટેટમાં બાંધકામ મુદ્દા નં.૧૯ થી ૨૪ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા મોજે યુનીટી ઈન્ડ.એસ્ટેટના બાંધકામના બે આઉટ પ્લાનની મંજુરી અત્રેના પત્ર નં.૨૫૨ તા.૭–૩–૨૦૦૫ થી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. (૨૫) ભગવતી ઈન્ડ. લફેરે કંપનીની બાજુમાં માર્જીનની જગ્યા સાથે બાંધકામ . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોજે ભેસ્તાનમાં આવેલ ભગવતી ઈન્ડ. સોસા.ના બાંધકામના લે આઉટ પ્લાનની મંજુરી ઉધનાઝોનના પત્ર નં.૨૭૩ તા.૨૭–૧૧–૦૩ થી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨.૧ થી ૨.૨૫ ના મુદ્દાઓની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ બાબતે અરજદારને દફતરી રેકર્ડની ચકાસણી માટે કાર્યપાલક ઈજનેરનો અગાઉથી સમય મેળવી કરી લેવા જણાવેલ છે. પરંતુ તે અરજદારે ચકાસણી કરેલ છે કે કેમ તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ છે. પરંતુ મુદ્દા નં.૧ થી ૨૫ અંગે ફાયરે સેફટીના નિયમો લાગુ પડે છે કે કેમ? તે અંગે કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. જયારે મુદ્દા નં.૨.૧ થી ૫ તથા મુદ્દા નં.૨.૧૦ અંગે પ્લાન મંજુર થયેલ નહીં હોવાનું જણાવેલ છે. જે કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) સાથે દફતરી ઉપલબ્ધ માહિતીની જોગવાઈ સાથે સુસંગત છે. જેથી તે મુદ્દા અંગે અરજદારની તકરાર માટે કારણ બને નહીં.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૨૧ થી ૨૫ અંગે ફાયર સેફટીના નિયમો અંગેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળવિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર સૂચવેલ અધિકારીનો આગોતરો સમય મેળવી નિયત ફી ભરપાઈ કરી તપાસણી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી,હરિનગર–૧, પ્લોટ નં.૧,ઉધના, સુરત.. ..તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.